દાદા ભગવાન પરિવારનું

મે ૨૦૧૯

પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ

## ભગવાન શ્રી રામ અને શ્રી હનુમાન



## સંપાદકીય

બાળમિત્રો,

ભગવાન રામનો પરિચય આપવાની જરુર છે ખરી ? એક પુત્ર રુપે, ભાઈ રુપે, પતિ રુપે, પિતા રુપે, શિષ્ય રુપે અને રાજા રુપે સમસ્ત વિશ્વ સમક્ષ જેઓ એક ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. અને અંતે જેઓ પોતાના સર્વ કર્મો ખપાવીને અત્યારે મોક્ષમાં બિરાજમાન છે. માટે જ તો જગત એમને ભગવાનરુપે પૂજે છે.

ભગવાન રામના પરમ ભક્ત હનુમાન પણ એમની શ્રીરામ પ્રત્યેની ઉત્કૃષ્ટ સ્વામીભક્તિના કારણે પૂજનીય છે, વંદનીય છે.

એ જ ભગવાન શ્રી રામ અને શ્રી હનુમાનનો જન્મદિવસ ગયા મહિનામાં જ ગયો. તો ચાલો, આપણે એમના જીવનના કેટલાક સુંદર પ્રસંગો આ અંકમાં માણીએ અને એમની ભક્તિમાં લીન બનીએ.

બોલો શ્રી રામચંદ્ર કી જય...
પવનપુત્ર હનુમાન કી જય...

- ડિમ્પલ મહેતા

# ભગવાન શ્રી રામ અને શ્રી હનુમાન


વર્ષ : ૧૧, અંક : ૯
સળંગ અંક : ૧૨૯
મે ૨૦૧૯



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



**Editor : Dimple Mehta**

**Printer & Published by**

**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

**Owned by**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

**Printed at**
**Amba Offset**
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

**Published at**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.



© 2019, Dada Bhagwan Foundation
All Rights Reserved



અક્રમ એક્સપ્રેસ

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.


# ॥ દાદાજી કહે છે...॥

**પ્રશ્નકર્તા :** રામ મર્યાદા પુરુષોત્તમ અને કૃષ્ણને પૂર્ણ પુરુશોત્તમ કહ્યા એ ખરું ?

**દાદાશ્રી :** ખરી રીતે રામ જ પૂર્ણ પુરુષોત્તમ કહેવાય કારણકે રામ મોક્ષે ગયા. રામ પરમાત્મા થઈ ગયા.

અનાદિકાળથી દરેક ધર્મના મૂળ પુરુષો જ્યારે હાજર હોય છે, જેવાં કે મહાવીર ભગવાન, કૃષ્ણ ભગવાન, રામ ભગવાન. ત્યારે તેઓ લોકોને સર્વ ધર્મના મતમતાંતરમાંથી બહાર કાઢી આત્મધર્મમાં સ્થિર કરે છે. અને કાળક્રમે મૂળ પુરુષની ગેરહાજરી થવાથી દુનિયામાં ધીરે ધીરે મતભેદ પડી જઈ ધર્મમાં વાડા-સંપ્રદાયો બની જાય છે. તેનાં પરિણામે લોકો સુખ-શાંતિ ગુમાવતા જાય છે.

કૃષ્ણ ભગવાન આખી જીંદગીમાં બોલ્યા નથી કે હું વૈષ્ણવ છું કે મારો વૈષ્ણવ ધર્મ છે. મહાવીર ભગવાન આખી જીંદગી બોલ્યા નથી કે હું જૈન છું કે મારો જૈન ધર્મ છે. ભગવાન રામચંદ્રજી ક્યારેય બોલ્યા નથી કે મારો સનાતન ધર્મ છે. બધાએ આત્માને ઓળખીને મોક્ષે જવાની જ વાત કરી છે. જેમ કે ગીતામાં કૃષ્ણ ભગવાને, આગમમાં તીર્થંકરોએ અને યોગવશિષ્ટમાં વશિષ્ટ મુનિએ રામચંદ્રજીને આત્મા ઓળખવાની જ વાત કરી છે. જીવ એટલે અજ્ઞાન દશા. શિવ એટલે કલ્યાણ સ્વરૂપ. આત્મજ્ઞાન પ્રાપ્તિ પછી એ જ જીવમાંથી શિવ થાય છે. શિવ એટલે કોઈ વ્યક્તિની વાત નથી.



## ॥ ત્રેસઠ શલાકા પુરુષો ॥

શલાકા પુરુષો એટલે મોક્ષે જવા લાયક શ્રેષ્ઠ પુરુષો. મોક્ષમાં તો બીજા પણ જવાના, પણ આ શ્રેષ્ઠ પુરુષો કહેવાય એટલે ખ્યાતિ સહિત હોય. સંપૂર્ણ ખ્યાતિ પામીને મોક્ષે જાય. હા, તેમાં ચોવીસ તીર્થંકરો હોય અને બાર ચક્રવર્તી હોય. પછી વાસુદેવ હોય, પ્રતિવાસુદેવ હોય અને બલરામ હોય.

રામચંદ્રજી બલરામ કહેવાય, લક્ષ્મણજી વાસુદેવ કહેવાય અને રાવણ પ્રતિવાસુદેવ કહેવાય.

# આ તો નવી જ વાત !



રાવણ ખરેખર
મહાત્મા હતા. અને
આવતી ચોવીસીમાં
તીર્થંકરદેવ થવાના છે.
રામ ભગવાને એમના
તરફ હૃદયથી ક્યારેય
રોષ નથી કર્યો તો
આપણે કેમ કરીએ ?

માતા કૈકેયીએ રામને
વનવાસ મોકલ્યા
બદલ પાછળથી ખૂબ
પ્રાયશ્ચિત કર્યું હતું.
રામે એમને ક્યારેય
દોષિત જોયા નથી.
તો આપણે કેમ
એમના માટે અવળું
વીચારીએ ?



# ॥ શ્રીરામની પિતૃભક્તિ ॥

"બેટા રામ.." રામના રાજ્યાભિષેકની સવારે દશરથ રાજાએ રામને બૂમ પાડી.

"જી પિતાજી" કહી રામ દશરથ રાજા પાસે પહોંચી ગયા.

"બેસ બેટા. વાત એમ છે કે ઘણા વર્ષો પૂર્વે મેં કૈકેયીને બે વરદાન માંગવાના કહ્યા હતા જે એણે વખત આવ્યે માંગીશ કહી બાકી રાખ્યા હતા."

રામ ધ્યાનથી સાંભળતા રહ્યા.

"જે એણે આજે માંગ્યા છે. ભરતને અયોધ્યાની રાજગાદી અને તને ચૌદ વર્ષનો વનવાસ."

રામના ચહેરા પર હજુ કોઈ ફેરફાર નથી.

"બેટા, રાજ્યનો હક્કદાર તો તું છે. પણ ઋણમુક્ત થવા માટે હું અયોધ્યાની ગાદી ભરતને આપું છું. વત્સ, તું સંમત છે ને?"

રાજા દશરથ રામ સામે જોઈ રહ્યા. આવો કારમો નિર્ણય પ્રિય પુત્ર સામે રજૂ કરતા રાજાનું હૃદય ચીરાતું હતું. પણ એમની પાસે બીજો કોઈ રસ્તો નહોતો.

પિતાની વાત સાંભળીને રામ ઉદાસ થઈ ગયા.


રાજા દશરથે રામને ઉદાસ જોઈ વિચાર્યું, "રામને કેટલું દુઃખ થયું છે...અને કેમ ન થાય...જે રાજ્ય પર એનો હક છે એ મેં એને પૂછ્યા વગર ભરતને સોંપી દીધું."

એમણે રામના માથે હાથ મૂકી કહ્યું, "બેટા, મને ખબર છે કે આ મેં યોગ્ય નથી કર્યું. તારી સંમતિ વિના આ નિર્ણય લઈ લીધો. મને માફ કરી દે બેટા."

રામે તરત પિતા સામે હાથ જોડી કહ્યું, "પિતાજી, આપ આ શું બોલો છો? આપ શા માટે મારી માફી માંગી રહ્યા છો ? હું તો એટલા માટે દુઃખી છું કે આજે મને સમજાયું કે હું સાચો પિતૃભક્ત નથી બની શક્યો. નહીં તો મારા માટેના કોઈ પણ નિર્ણય માટે તમારે મારી સંમતિ માંગવી પડે ખરા?"


સાંભળીનો દશરથ રાજાની આંખમાં ઝળહળીયા આવી ગયા.

"પિતાજી, આપ મને રાજ આપો કે ભરતને આપો, બધું એકનું એક જ છે ને? અને ભરતની ક્યાં વાત કરો છો. આપને જો એમ લાગે કે રાજમહેલ ઉપર પહેરો ભરતા પહેરેગીરને આ રાજ આપી દેવું છે તો ય શું થઈ ગયું? તમારા કોઈ પણ નિર્ણય પર આ રામ આડો ઉતરશે ખરા ? ના....જરાય નહીં...આપ જે કરો એ મારા માટે ભગવાને કર્યા બરાબર જ છે."



આવી હતી
**શ્રીરામની પિતૃભક્તિ.**

# ॥ સીતામાતાનું સતીત્વ ॥



હનુમાનજી જ્યારે સીતાજીની શોધમાં લંકા જવા તૈયાર થાય છે.
મેં સીતામાતાને તો જોયા નથી તો તેમને ઓળખીશ કેવી રીતે અને ઓળખ્યા વિના શોધીશ કેવી રીતે ?
તેઓ ભગવાન રામ પાસે ગયા.
પ્રભુ, મને સીતામાતાનું કંઈ લક્ષણ કહો જેથી મને એમને ઓળખવા સરળ પડે.
સીતા અતિસુંદર છે. ગોરો વર્ણ છે. તેમની આંખો...
પ્રભુ, આ વર્ણન મારે કામ નહીં લાગે. મેં સૌંદર્યની નજરથી કોઈ સ્ત્રી સામે જોયું નથી અને જોતો પણ નથી. માટે તમે કંઈ એવું લક્ષણ બતાવો કે જે જોઈને હું નિઃશંક થઈને જાણી શકું કે આજ મારા સીતામાતા છે.
સીતાજી જ્યાં વસતાં હશે તે કુટિર હોય કે કેદ હોય, તેની પ્રત્યેક દિવાલમાંથી 'શ્રીરામ-શ્રીરામ' એવો ધ્વનિ નીકળતો હશે. તું જરા ધ્યાન દઈને સાંભળજે. તને અચૂક સંભળાશે.
સીતાજી નિરંતર મારા નામનું રટણ કરતા હશે અને એમના રટણમાં એટલી તાકાત હોય છે કે તેનાથી આસપાસનું જડ-ચેતન બધું 'શ્રી રામના' નામથી પ્રભાવિત થઈ ગયું હશે.



હનુમાન, જો સીતાજીને કોઈ વન-ઉપવનમાં બંદી બનાવીને રાખ્યા હશે તો ત્યાંના પ્રત્યેક ઝાડ-પાન વગેરેમાંથી 'શ્રીરામ...શ્રીરામ'નો ધ્વનિ નિરંતર નીકળતો હશે.
જ્યાં સમગ્ર પંચમહાભૂતમાં 'શ્રીરામ'ના નામનો ધ્વનિ ગૂંજતો સંભળાય તો તારે અવશ્ય માની લેવું કે સીતાજી ક્યાંક નજીકમાં જ વસતાં હશે. સીતાજીને ઓળખી કાઢવામાં એ રીતે તને કોઈ તકલીફ નહીં પડે.
આ છે સીતા માતાનું સતીત્વ.અને હનુમાનજી એટલે ઉત્કૃષ્ટ સ્વામીભક્તિ. ભગવાન રામ સિવાય જેના વીચારમાં કશું જ ના આવે. રામ, લક્ષ્મણ અને સીતામાતા જેના હૃદયમાં સદા વસે તે પવનપુત્ર હનુમાન.
હનુમાન જેવી ભક્તિ અને કોઈ પણ ફળની આશા વગરની સેવા આત્મા તરફ લઈ જવા માટે મૂળભૂત જરુરિયાત છે.

# ||જેને રામ તરછોડે...||

એક વાર રામ અને હનુમાન વનમાં ફરતા હતા. ફરતાં ફરતાં એક નદી આવી. તે નદી પાસે ઘણા પથ્થરો પડ્યા હતા. કુતૂહલથી રામે હનુમાનને પૂછ્યું, "હનુમાન! પથ્થર કદી પાણીમાં તરે ખરો?"


રામચંદ્રજીના પ્રશ્નનો જવાબ મોંએથી આપવાને બદલે હનુમાને એક પથ્થર હાથમાં લીધો અને જોરથી "હે રામ!" બોલીને પાણીમાં ફેંક્યો. અને પથ્થર તરવા લાગ્યો. રામચંદ્રજીને ભારે આશ્ચર્ય થયું.

એમણે પણ તરત એક પથ્થર ઉપાડ્યો અને જોરથી પાણીમાં ફેંક્યો.

પણ અફસોસ! પથ્થર ડૂબી ગયો!

આથી રામચંદ્રજી ચોંકી ઊઠ્યા. "અરે, હનુમાન! આમ કેમ? મેં પથ્થર નાંખ્યો તો તે ડૂબી ગયો! જો રામના નામે પથ્થર તરે, તો સાક્ષાત્ રામના હાથે જ ફેંકાયેલો પથ્થર કેમ ન તરે?"

ખડખડાટ હસી પડતા હનુમાને કહ્યું,



# ।। શ્રીરામનો લઘુતમભાવ ।।

જ્યારે રાવણનો વધ થયો ત્યારે રાવણના સૈન્યમાં હાહાકાર મચી ગયો અને છાવણીમાં શોક વ્યાપી ગયો. રાવણના નાના ભાઈ વિભિષણ દોડી આવ્યા. રાવણના મૃત દેહને જોઈ એમનો શોક પરાકાષ્ઠાએ પહોંચ્યો.

"મને મારી નાખો. મારે પણ નથી જીવવું." કહી એમણે કમરેથી કટારી ખેંચી.

એ જ સમયે રામ ત્યાં આવી ગયા અને વિભિષણના હાથમાંથી કટારી ખેંચી લીધી. વિભિષણ રડતાં રડતાં માથે હાથ દઈ નીચે બેસી ગયા.

એટલામાં તો ત્યાં રાવણના પુત્ર ઈન્દ્રજીત, નાનાભાઈ કુંભકર્ણ અને પટ્ટરાણી મંદોદરી પણ ત્યાં આવી પહોંચ્યા. શ્રીરામ સહુની વચમાં બેસી બધાને વડિલની જેમ આશ્વાસન આપવા લાગ્યા. (જૈન રામાયણ મુજબ)

થોડી વારમાં રાવણના અગ્નિસંસ્કારની ક્રિયા શરુ થઈ. ચિતા જોઈ બધાની આંખમાંથી આંસુ નીકળતા હતા. મંદોદરી, વિભિષણ, કુંભકર્ણ, ઈન્દ્રજીત અને બધા જ.

રામની આંખો પણ ભીની થઈ ગઈ. એમને વિચાર આવ્યો, "કેવો ઉત્તમ મહાત્મા...પરમાત્માનો પરમ ભક્ત...પણ કર્મના બંધને ફસાયો....ફરી આવો પરાક્રમી પુરુષ થતાં ન જાણે કેટલાયે સૈકાઓ વીતી જશે!"


આવો ઉત્કૃષ્ટ હતો શ્રીરામનો લઘુત્તમભાવ. દુશ્મન પ્રત્યે પણ કેવી દ્રષ્ટિ. ! અગ્નિસંસ્કાર પૂર્ણ થયા બાદ રામે વિભિષણનો લંકાપતિ તરીકે રાજ્યાભિષેક કર્યો. અને પછી સીતાજીને મળવા ગયા.

**રામજીની રાજપાટ પ્રત્યે કેટલી નિઃસ્પૃહતા.....!!**



# શ્રી રામની દ્રષ્ટિ


શ્રી રામ જ્યારે ચૌદ વર્ષનો વનવાસ પૂર્ણ કરી અયોધ્યા પાછા ફર્યા ત્યારે સૌ પ્રથમ તેઓ માતાઓને મળવા ગયા.
જ્યારે તેઓ માતા કૈકેયી પાસે ગયા ત્યાકે કૈકેયી ધ્રુસકે રડી પડ્યા.
બેટા રામ ! મને માફ કર. મેં તને ઘણી મોટી શિક્ષા કરી દીધી.
ના, મા.
તારા વનવાસનું કારણ હું છું. એનો મને ખૂબ પસ્તાવો છે.
"મા ! રડો નહીં. આપે તો મારા ઉપર અસીમ ઉપકાર કર્યો છે."
મા ! પિતાજીનો સ્નેહ મારી ઉપર કેવો અપાર છે ? એની મને ક્યારે ખબર પડી ? વનવાસનું નિમિત્ત બન્યું ત્યારે જ ને !



ભરત કેવો મહાત્મા છે ? કેટલો અનાસક્ત છે ? એની જાણમાં પણ વનવાસ જ કારણભૂત બન્યો ને ?
હનુમાનની વિશુદ્ધ ભક્તિ, સુગ્રીવની હાર્દિક મૈત્રી, લક્ષ્મણનું અનુપમ ભ્રાતૃત્વ, સીતાનું મહાસત્વ પણ તો વનવાસના નિમિત્તે જ બહાર આવ્યું છે.
અને રાવણયુદ્ધે મારી શક્તિનું માપ પણ વનવાસના કારણે જ મળ્યું છે.
અને સૌથી ઉચ્ચું....આટલી નાની વયે સાધુ સંતો અને ગુરુજનોની સેવાનો અમૂલ્ય અવસર જે મને પ્રાપ્ત થયો એ પણ આ વનવાસના નિમિત્તે જ. અને આ વનવાસ તારી ભક્તિના જ પ્રસાદથી મને પ્રાપ્ત થયો છે.
મા ! હવે તમારે શોક કરવાનું કાંઈ પણ કારણ ખરું ?
આવા હતા ભગવાન રામ...! તેઓ આખી જીંદગી દરમિયાન ક્યારેય એવું બોલ્યા નથી કે માતા કૈકેયીના કારણે મને જીવનમાં આટલા દુઃખો ભોગવવા પડ્યા. ઉલટો, એમનો ઉપકાર જ માન્યો છે.

# ॥ ચાલો રમીએ...॥

## ૧. મને ઓળખી બતાવો...



૧) જેણે શિવબાણ ઉપાડ્યું. ___________

૨) જે લંકાની અશોકવાટિકામાં રહ્યા હતા. ___________

૩) જેમના દિલમાં રામ ભગવાન અને સીતા માતા વસેલા હતા. ___________

૪) જેમના માટે શ્રીહનુમાન જડીબુટ્ટી લેવા ગયા હતા. ___________

૫) જેમને સાધુનો વેશ લઈને સીતા માતાનું અપહરણ કર્યું. ___________

૬) રાવણના નાના ભાઈ જેમને રામ ભગવાનનું હમેશાં પોઝિટીવ જ દેખાતું હતું. ___________

૭) જે ૬ મહિના જમતા હતા અને ૬ મહિના ઉંઘતા હતા. ___________

૮) જે અયોધ્યાના રાજા હતા અને જેમને બે પુત્રોને વનવાસ મોકલ્યા હતા. ___________

૯) મિથિલાના રાજા અને સીતા માતાના પિતા. ___________

૧૦) રાજા દશરથના પહેલા પત્ની અને રામ ભગવાનના માતાશ્રી. ___________

## ૨. નીચે આપેલાં શબ્દોને કોષ્ટકમાંથી શોધો.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| N | B | H | Y | I | E | L | T | T | A | B | M |
| A | A | I | D | C | W | N | S | A | O | P | B |
| Y | M | N | O | O | T | L | P | I | U | T | X |
| A | D | R | A | M | U | E | R | J | T | Q | V |
| M | O | D | Y | N | T | D | R | K | L | A | I |
| A | A | C | O | U | R | A | G | E | N | R | C |
| R | D | V | D | G | L | O | K | N | A | B | T |
| N | Y | R | H | N | A | H | Y | E | M | X | O |
| D | C | C | Y | A | A | R | J | L | U | P | R |
| O | P | U | A | Z | E | V | D | S | N | D | Y |
| K | N | Q | R | C | T | S | A | Q | A | G | Y |
| A | K | N | A | L | V | S | A | R | H | M | B |

AYODHYA

RAMAYAN

VICTORY

RAM

SITA

RAVAN

HANUMAN

COURAGE

LANKA

BATTLE



# ॥શ્રી હનુમાનની સ્વામીભક્તિ॥

લંકાપતિ રાવણ સાથેના યુદ્ધમાં હનુમાનનો મોટો ફાળો હતો. અયોધ્યામાં આનંદ હતો.

રામચંદ્રજીએ મોટો દરબાર ભર્યો. યુદ્ધમાં ઉત્તમ કામગીરી બજાવનારા સહુને તેઓએ બક્ષીસ આપી. પણ કોણ જાણે કેમ... હનુમાન જ ભુલાઈ ગયા!

આ વાત માતા સીતાથી છાની ન રહી. દરબારનું વિસર્જન થયા બાદ તેમણે હનુમાનને બોલાવીને કહ્યું, "આર્યપુત્ર તમને જ વીસરી ગયા તેનું મને ખૂબ આશ્ચર્ય છે અને દુઃખ પણ. છતાં તમે ઓછું લાવશો નહીં. હું અને આર્યપુત્ર, અમે એક જ છીએ. હું આપું કે તેઓ આપે, બધું એક જ છે. લો, આ નવસેરો હાર બક્ષીસમાં..."

કશું ય બોલ્યા વિના હનુમાને તે હાર લીધો. હારનું એકએક મોતી ખાસા મોટાં બોર જેવડું હતું. કશું ય બોલ્યા વિના હનુમાને જોર કરીને તે હાર તોડી નાંખ્યો. સીતાજી તો આ જોઈને આભા જ બની ગયા. છતાં કશું ય પૂછ્યા વિના, હવે હનુમાન શું કરે છે તે જાણવાની આતુરતાથી મૌન રહ્યા.

હનુમાને એક મોતી હાથમાં લીધું. એક મૂઠી મારીને તેના બે ઊભા ફાડીયા કર્યા. બે ય ફાડીયામાં પોતે કાંઈક શોધતા હોય તેમ જોયું. પછી બે ય ફાડીઆ બાજુ ઉપર મૂકી દીધાં.

બીજું મોતી લીધું. એનું પણ એ જ કર્યું.


ત્રીજું, ચોથું, પાંચમું...બધા મોતીની એ જ દશા થઈ.

હવે સીતાજીથી ન રહેવાયું. તેમણે હનુમાનને પૂછ્યું, "અરે, હનુમાન! આ શું રમત કરો છો? આવા મૂલ્યવાન હારની આ દશા? આ શું ગાંડપણ છે?"

"માતાજી! શાંત થાઓ. પહેલાં મારી વાત સાંભળી લો." હનુમાનજી બોલ્યા.

"હું તો દરેક મોતીના ફાડીયામાં 'રામ' શોધતો હતો. પણ આમાં ક્યાંય મને રામના દર્શન ન થયા. માતાજી! જ્યાં રામ નહીં, તેનું મારે કામ નહીં. આ લઈ લો પાછો આપનો નવસેરો હાર!"

હનુમાનની આ રામભક્તિ જોઈને સીતાજી ક્ષણભર દંગ થઈ ગયા અને સાથે સાથે પ્રસન્ન પણ.



# ॥ સિંદૂરનું રહસ્ય ॥

એક વાર હનુમાનજીએ માતા સીતાની માંગમાં સિંદૂર જોઈને આશ્ચર્યપૂર્વક માતા સીતાને પૂછ્યું "માતા, તમે આ લાલ દ્રવ્ય મસ્તક પર કેમ લગાવ્યું છે?"


બ્રહ્મચારી હનુમાનજીની આ સીધી સાદી વાતથી પ્રસન્ન થઈને માતા સીતાએ જવાબ આપતા કહ્યું, "પુત્ર, આ લગાવવાથી મારા સ્વામીની આયુ દીર્ઘ થાય છે અને તેઓ મારા પર પ્રસન્ન રહે છે."

આ સાંભળી હનુમાનજી ખૂબ પ્રસન્ન થયા અને વિચાર્યું કે, જો માત્ર ચપટી સિંદૂર લગાવવાથી આયુષ્યની વૃદ્ધિ થાય છે તો કેમ નહીં હું મારા આખા શરીર પર સિંદૂરનો લેપ કરી મારા સ્વામીને અમર કરી દઉં?

અને એમણે એમ જ કર્યું. આખા શરીર પર સિંદૂરનો લેપ લગાવ્યા પછી હનુમાનજી શ્રીરામ પાસે ગયા તો ભગવાન શ્રીરામ એમને જોઈ હસી પડ્યા અને પ્રસન્ન પણ થયા. તેથી હનુમાનજીને માતા સીતાના વચન પર અધિક વિશ્વાસ થઈ ગયો.

જે રીતે વિવાહિત સ્ત્રીઓ પોતાના પતિની લાંબી ઉંમર માટે માંગમાં સિંદૂર લગાવે છે તેવી જ રીતે હનુમાનજી પણ પોતાના સ્વામી ભગવાન શ્રીરામ માટે આખા શરીરે સિંદૂર લગાવે છે.

**ક્હેવાય છે કે માટે**
**દર શનિવારે**
**હનુમાનજીને**
**સિંદૂર**
**ચડાવાય છે.**



# ॥ અનોખી સેવા ॥

એક દિવસ સવારે શ્રીરામને સ્નાન કર્યા પછી, હનુમાનજી જ્યારે પીતાંબર આપવા ગયા ત્યારે સીતાજીએ એમને ના પાડતા કહ્યું, "લાવ પીતાંબર. આ સેવા તો મારી છે."

કોઈ બીજી સેવા વખતે લક્ષ્મણજીએ એમને ના પાડી કે તે સેવા મારી છે.

હનુમાનજીએ સીતા માતાને વિનંતી ભાવે પૂછ્યું, "માતાજી, તમે મારાથી નારાજ થયાં છો ? મને સેવા કેમ કરવા દેતાં નથી ?"

સીતાજીએ કહ્યું, "પુત્ર, ગઈકાલે બધી સેવાની વહેંચણી થઈ ગઈ છે. તારા માટે કોઈ સેવા બાકી રહી નથી."

હનુમાનજીએ કહ્યું, "એક સેવા બાકી છે. મા, પ્રભુને બગાસું આવે ત્યારે ચપટી કોણ વગાડશે ? આ ચપટી વગાડવાની સેવા હું કરીશ."

સીતાજી કહે, "સારું, તું ચપટી વગાડજે."

આમ આખો દિવસ હનુમાનજી શ્રીરામની જોડે ને જોડે જ રહેવા લાગ્યા. રાત પડી. રાત્રે પણ હનુમાનજી રામ પ્રભુ પાસેથી ખસ્યા નહીં એટલે સીતાજીએ કહ્યું, "પુત્ર, હવે તું જા."

હનુમાનજી કહ્યું, "માતાજી, મારી સેવા તો ચોવીસ કલાકની છે. પ્રભુને ક્યારે બગાસું આવે તે તો કેવી રીતે ખબર પડે ? માટે હું તો અહીં જ રહીશ."

સીતાજીએ શ્રીરામને કહ્યું, "તમારા સેવકને આજ્ઞા કરો કે તે બહાર જાય."

શ્રીરામે હસતા હસતા જવાબ આપ્યો, "હું હનુમાનજી ને કંઈ કહી શકતો નથી. હનુમાનજીએ મને ઋણી બનાવ્યો છે. તેના એક એક ઉપકાર માટે એક એક પ્રાણ આપું તો પણ તેનું ઋણ પૂરું થાય તેમ નથી."

શ્રીરામે આવું કહ્યું તેમ છતાં સીતાજીએ હનુમાનજીને બહાર જવાની આજ્ઞા કરી.

હનુમાનજી બહાર આવ્યા અને વિચાર કરવા લાગ્યા કે મને એક સેવા આપી હતી તે પણ માતાજીએ લઈ લીધી. એમને દુ:ખ થયું કે મને કોઈ સેવા આપતા નથી.

અંતે હનુમાનજીને કંઈક સૂઝ્યું અને એમણે નિશ્ચય કર્યો કે આવતી કાલ સવારના દર્શન સુધી, હું ચપટી વગાડીશ. કદાચ અંદર પ્રભુને બગાસું આવશે તો મારી સેવા થઈ જશે.

રાજમહેલની અગાસીમાં ચપટી વગાડતાં વગાડતાં, રામ નામનું કિર્તન કરતાં હનુમાનજી નાચવા લાગ્યા.

આ જોઈ શ્રીરામને વિચાર આવ્યો, પોતાની સેવા પુરી કરવા હનુમાન ચપટી વગાડ્યા કરે છે. મારો હનુમાન આખી રાત જાગે અને હું સુઈ જાઉં તે યોગ્ય નથી.

એમણે નક્કી કર્યું કે હનુમાનજી જ્યાં સુધી ચપટી વગાડશે ત્યાં સુધી હું બગાસા ખાઈશ. હું પણ હનુમાનજીની જેમ આખી રાત જાગરણ કરીશ.

ભક્તની ચિંતા હંમેશા ભગવાનને રહે છે.

શ્રીરામ બગાસાં ઉપર બગાસાં ખાવા લાગ્યા. આ જોઈ સીતાજીને ગભરામણ થઈ કે આ તો શ્વાસ ઉપડ્યો છે કે શું ? રઘુનંદન કેમ કશું બોલતા નથી.

સીતાજીએ કૌશલ્યા માતાને આ કહ્યું. કૌશલ્યા માતાએ વશિષ્ઠ મુનિને બોલાવ્યા અને રામની દશા

વર્ણવી. વશિષ્ઠજી સમજી ગયા કે કોઈ ભક્ત દુઃખી હોય તો ભગવાનને ઉંઘ આવતી નથી.

એમણે પૂછ્યું, "આજે કંઈ ગરબડ તો નથી થઈ ને ?"

સીતાજીએ યાદ કરીને કહ્યું, "આજે અમે પુત્ર હનુમાન માટે કોઈ સેવા રાખી નહોતી તેથી તે દુઃખી હતો."

એમ કહી સીતાજીએ ચપટી વગાડવાની સેવાની વાત વશિષ્ઠ મુનિને કહી સંભળાવી.

આ સાંભળી વશિષ્ઠ મુનિ બધાને લઈને હનુમાનજી પાસે ગયા. હનુમાનજી રાજમહેલના અગાસીમાં ચપટી વગાડતા રામનામનો જાપ કરતા નાચી રહ્યા હતા.

વશિષ્ઠ મુનિએ હનુમાનને વિનંતી કરતા કહ્યું, "મહારાજ, ચપટી વગાડશો નહીં. ચપટી વગાડશો તો રામને બગાસુ આવશે અને એમને ઉંઘ નહીં આવે."

હનુમાને ચપટી બંધ કરી અને શ્રીરામને બગાસા આવતા બંધ થઈ ગયા.



**આખું જગત ભગવાનને આધિન હોય જ્યારે ભગવાન ભક્તને આધિન હોય છે !**



# જર્મનીમાં

## પૂજ્યશ્રી દ્વારા જર્મન ભાષામાં "ભગવાન ક્યાં રહે છે?" બુક ઓપનીંગ, અને પૂજ્યશ્રી સાથે બાળકો












## Summer Camp 2019

## ૪ થી ૭ વર્ષના બાળકો માટે યોજાયેલ સમરકેમ્પની ઝલક...










## પઝલના જવાબો:



**૧)**

૧) રામ ૨) સીતા ૩) શ્રીહનુમાન ૪) લક્ષ્મણજી ૫) રાવણ ૬) વિભિષણ ૭) કુંભકર્ણ ૮) રાજા દશરથ ૯) રાજા જનક ૧૦) રાણી કૌશલ્યા

**૨)**

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| N | B | H | Y | I | E | L | T | T | A | B | M |
| A | A | I | D | C | W | N | S | A | O | P | B |
| Y | M | N | O | O | T | L | P | I | U | T | X |
| A | D | R | A | M | U | E | R | J | T | Q | V |
| M | O | D | Y | N | T | D | R | K | L | A | I |
| A | A | C | O | U | R | A | G | E | N | R | C |
| R | D | V | D | G | L | O | K | N | A | B | T |
| N | Y | R | H | N | A | H | Y | E | M | X | O |
| D | C | C | Y | A | A | R | J | L | U | P | R |
| O | P | U | A | Z | E | V | D | S | N | D | Y |
| K | N | Q | R | C | T | S | A | Q | A | G | Y |
| A | K | N | A | L | V | S | A | R | H | M | B |



Akram Express
May 2019
Year : 11, Issue : 9
Conti. Issue No.: 129

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2018-2020
valid up to 31-12-2020
LPWP Licence No. PMG/HQ/040/2018-20
valid up to 31-12-2020
Posted at Adalaj Post office
on 08th of every month

# ॥ અને છેલ્લે છેલ્લે... ॥

## શ્રીરામ ભગવાન કેમ કહેવાયા ?



શું રામે રાજગાદીનો ત્યાગ કર્યો એટલે ?
શું રામે પિતાની આજ્ઞા પાળી અને વનમાં ગયા એટલે ?
શું રામે માતા કૈકેયીનો એક પણ વાંક ન જોયો એટલે ?
શું આ બધાના સરવાળાથી શ્રીરામ ભગવાન કહેવાયા ?

**ના.**

રાજગાદીનો ત્યાગ ઘણા રાજાએ કર્યો છે.
માતા પિતાના વિનયમાં પણ ઘણા રાજાઓ હતા.

**તો?**

શ્રીરામને એમના ગુરુ વસિષ્ઠ પાસેથી આત્માનું જ્ઞાન પ્રાપ્ત થયું હતું. આત્મજ્ઞાનથી જ ભગવાન પદ પ્રાપ્ત થાય છે. શ્રી રામ પૂર્ણ પૂરષોત્તમ કહેવાયા.

અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં# હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. AGIA4313 # અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. AGIA4313 # #. અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં. ૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો SMS કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા ID No., ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - B-99 GIDC, Sector - 25 ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.